## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 29

આશાજી કલપ જુગમાંહે દસોંદજ હોતી, અવંર નહી કુછ વીચારજી;
દસોંદ વીના જે જીવ રહેશે, તે ફેરા ફરે ચોધાર. હરી૦ (૩૫૧)

આશાજી મુળ જાલીને મુળને આરાધો. તો મુળ થકી તમે પામોજી;
કલપ જુગનાં તમે ગીનાન વિચારો, તે મોમન રીદેહુમાં
ગીનાનજ આણો. હરી. (૩૫૨)

આશાજી દસોંદ ફળ દયાનું જાણો, દીલ વીચારીને ચાલોજી;
દસોંદ ખાઈ જે મોમન હોશે, તે હોશે કોરવાની જોડ. હરી. (૩૫૩)

આશાજી ધંધો કરવા દુનીયામાંહે આવ્યા, લેવા આપ દીદારજી;
નવ પાંતી તમે લઈને ચાલો, દસમી નરજીને આલો. હરી. (૩૫૪)

આશાજી સુનકાલમાંહે તપ ના કહીએ, તીયાં દસોંદ દેતાજી;
નુર નર તો તારે એકલા રહેતા, ત્યાંથી હુઈ દસોંદ. હરી૦ (૩૫૫)

આશાજી સુનકાળમાંહેથી રચના કીધી, તીસ દીન દસોંદ લીખાણીજી;
ગુર ગીનાન વેદ વીચારો, તો દસોંદ વીના નહી છુટો. હરી. (૩૫૬)

આશાજી દસોંદ દેવે ને સીદકે રહેવે એહી મોમન સાચાજી;
આડો મારગ તેઓને નાંહી, ને ભેટ્યા શાહના દીદાર. હરી. (૩૫૭)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 29 (continued)

આશાજી શાહુના દીદાર તખતે બેઠશે, તીયાં દશોંદનું પુછેજી;
જબરાઈલ ત્યાં પુછવાને આવે, દસોંદ વીના સરવે જુઠા. હરી. (૩૫૮)

આશાજી કીરીઆ કીધી ને ધરમે ચાલ્યા, સતી હુઓ અપારજી;
સાત સરગમાં તે જીવ પોહોતો, પણ ઉંચો તે નહી જાય.
હરી૦ (૩૫૯)

આશાજી દસોંદ ન દીધી ને કીરીઆ કીધી. તે સતી હુઓ અપારજી;
દસોંદ કારણ ઉંચો નહી ચડીઓ, તેને આવી દીદારની ખોટ.
હરી૦ (૩૬૦)

આશાજી શુદ્ધ દસોંદ દીઓ મોરા ભાઇ, તો મુલે મુલ સમાણાજી;
પછે ધરમ વીરાભાઇ તમે કરજો, તો દારેદાર સમાય. હરી. (૩૬૧)

આશાજી દસોંદ ન દેવે ગુરને ન માને, તે નર કીયાં થકી પામેજી;
દસોંદ વીના તે ઉખડી જાશે, તે જાશે ચોવીસ કરોડ માંહે.
હરી૦ (૩૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)